સંક્ષિપ્ત સમાચાર

વાવ પાસે રિક્ષા અડફેટે એકનું મોત

કામરેજ: વાવ સ્થિત વશિષ્ઠ વિદ્યાલયમાં બસ કંડક્ટર તરીકે ફરજ બજાવતા મધુભાઈ આણંદભાઈ ખંભાળ (ઉ.વ.65)નું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું છે. શનિવારે સવારે હાઈવે-48 પર રોડ ક્રોસ કરતી વખતે અજાણ્યા રિક્ષા ચાલકે તેમને અડફેટે લીધા હતા. ગંભીર ઈજા પહોંચતા તેમને ખોલવડની દીનબંધુ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં રવિવારે સારવાર દરમિયાન મોત થયું હતું. કામરેજ પોલીસે અજાણ્યા રિક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હરદુલી પાસે અકસ્માતમાં યુવકનું મોત

કુકરમુંડા: સજીપુરના વિનોદભાઈ દંગલભાઈ પાડવી બાઇક નં.(GJ-26-AJ-4710) લઈ વાંકા ગામથી નિઝર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન નિઝરના હરદુલીમાં પુલ પાસે રોડ ઉપર ડાયવર્ઝન અને બેરિકેટ પાછળ માટીનો ઢગલો બનાવવામાં આવ્યો હતો. જ્યાં વિનોદભાઈ ઝડપે બાઇક હંકારતાં સ્ટિયરિંગ ઉપરનો કાબૂ ગુમાવી બેઠા હતા અને બાઇક સાથે રોડ ઉપર ફેંકાઈ જતાં મોત નીપજ્યું હતું.

કણાવમાં વાહન અડફેટે યુવકનું મોત

પલસાણા: બારડોલી રોડ પર કણાવ ગામની સીમમાંથી ગત તા.૯/૨/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૧૧ વાગ્યાના સુમારે વિકાસભાઈ રમેશભાઈ હળપતિ તેમના મિત્રો મોહિત અને મયૂર સાથે મોટરસાઇકલ નં.(GJ-19-BK-8663) પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા વાહનની ટક્કરે ગંભીર રીતે ઘાયલ થયેલા યુવક વિકાસને સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે પલસાણા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

શિયાલજ નજીક રહેતો યુવાન ટેમ્પો સાથે ગુમ

હથોડા: કોસંબા નજીકના શિયાલજ ભરવાડવાસ ખાતે રહેતો 25 વર્ષનો યુવાન અજયભાઈ રૂપાભાઈ ભડિયાદરા ભરવાડ બે દિવસથી મહિન્દ્રા પિકઅપ ટેમ્પો સાથે સવારે 10 વાગે ઘરેથી નીકળ્યા બાદ પરત નહીં ફરતાં પરિવારે પ્રાથમિક શોધખોળ કર્યા બાદ કોઈ પત્તો નહીં મળતાં આખરે મોદી સાંજે કોસંબા પોલીસમાં પુત્ર ગુમ થયો હોવાની ફરિયાદ નોંધાવી છે. કોસંબા પોલીસે ગુમ થયેલા યુવાનની શોધખોળ કરવા ચક્રો ગતિમાન કર્યાં છે.

સરવાળામાં પગાર વિવાદ, મજૂરની હત્યા

કુકરમુંડા: મહારાષ્ટ્રના ધડગાંવના વતની દિનેશભાઈ વસાવે પત્ની સાથે સરવાળા ગામે મરચાં તોડવાની મજૂરી માટે આવ્યા હતા. મજૂરોનો હિસાબ રાખતા આરોપી ભીમસીંગ વસાવેએ 4 દિવસના પગારમાંથી રૂ.450 બાકી રાખતા દિનેશભાઈએ તેની ઉઘરાણી કરી હતી. પૈસા માંગતા ઉશ્કેરાયેલા આરોપીએ દિનેશભાઈના ગુપ્ત ભાગે જોરથી લાત મારી તેમને જમીન પર પાડી દીધા હતા. ગંભીર ઈજાને કારણે તેમને તળોદા હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. નિઝર પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વ્યાવલ ગામે બંધ ઘરમાં ચોરી

કુકરમુંડા: નિઝરના વ્યાવલના આકાશભાઈ રઘુનાથભાઈ કુવરે તેમના પરિવાર સાથે તા.11/2/2026ના રોજ ગામમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે પોતાના મકાનને તાળું મારી બહાર ગયા હતા. દરમિયાન અજાણ્યા તસ્કરોએ મકાનના દરવાજાની કડી ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ તસ્કરોએ ઘરમાં રાખેલા કબાટનું લોકર તોડી અંદર મૂકેલા આશરે એક કિલો વજનના ચાંદીનાં ઘરેણાં કિં.રૂ.1,20,000 તેમજ રોકડા રૂ.20,000 મળી કુલ રૂ.1,40,000ની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. નિઝર પોલીસે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાતલ વિદ્યાલયમાં પ્રવીણસિંહ અટોદરિયાનો વિદાય સમારોહ યોજાયો

માંડવી: શ્રી દક્ષિણ ગુજરાત પછાત વર્ગ સેવામંડળ સંચાલિત શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, પાતલ ખાતે ઈનચાર્જ આચાર્ય અને મદદનીશ ઉદ્યોગ શિક્ષક પ્રવીણસિંહ તરપતસિંહ અટોદરીયાના નિવૃત્તિ નિમિત્તે ભાવભીનો વિદાય સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ દ્વારા બે નવા વર્ગખંડોનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. DEO ભગીરથસિંહજી પરમાર અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પ્રવીણસિંહજી 2006થી પાતલ વિદ્યાલય સાથે જોડાયેલા હતા અને 17 ઓગસ્ટ, 2018થી ઇનચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવી શાળાના શૈક્ષણિક તેમજ સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. મુખ્ય મહેમાનોમાં રમતગમતના અધિકારી વિરલ પટેલ, જિલ્લા રમત વિકાસ અધિકારી કનુભાઈ રાઠોડ, સંચાલક મંડળ પ્રમુખ નિશીથભાઈ દેસાઇ, મંત્રી દત્તેશભાઈ ભટ્ટ, સંજયભાઈ દેસાઇ, અજીતસિંહ સુરમા અને રાજવીરસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર મહેમાનો અને શાળા પરિવાર દ્વારા પ્રવીણસિંહજીને સન્માનપત્ર અર્પણ કરી તેમની સેવાઓ માટે આભાર વ્યક્ત કરાયો હતો.

ભારત પાક સામે જીતતાં નશામાં ચૂર બારડોલીનો તલાટી છાકટો બન્યો!

લીંબાડા ગામનો એડિશનલ તલાટી દારૂના નશામાં ચૂર હાલતમાં ઝડપાયો

બારડોલી: ગઈકાલે રાત્રે ટી-20 વર્લ્ડકપમાં પાકિસ્તાન સામે ભારતની ભવ્ય જીતની ઉજવણી આખા દેશમાં થઈ રહી હતી, ત્યારે બારડોલી નગરના મુખ્ય માર્ગ પર એક સરકારી કર્મચારીની શરમજનક કરતૂત સામે આવી છે. મુદિત પેલેસ પાસે દારૂના નશામાં ચૂર એક તલાટીએ જાહેર રોડ પર ગાડી ઊભી રાખી ભારે તમાશો કર્યો હતો, જેને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા.

ભારતની જીતના ઉત્સાહમાં લોકો જ્યારે રસ્તા પર ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે રાજેન્દ્રસિંહ અનિલભાઈ મહિડા નામના તલાટી કમ મંત્રીએ પોતાની કાર રોડની વચ્ચે ઊભી રાખી દીધી હતી. અત્યંત નશાની હાલતમાં રહેલા તલાટીએ ટ્રાફિકને અડચણ ઊભી કરી હંગામો મચાવતા વાતાવરણ ગરમાયું હતું. સરકારી હોદ્દા પર હોવા છતાં જાહેર સ્થળે નશામાં ચૂર થઈને કરેલા આ વર્તનને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

બારડોલી ટાઉન પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે હંગામો કરનાર શખ્સ રાજેન્દ્રસિંહ મહિડા છે, જેઓ હાલ માંગરોળના લીંબાડા ગામે એડિશનલ તલાટી તરીકે ફરજ બજાવે છે. 44 વર્ષીય રાજેન્દ્રસિંહ ધામડોદ લુંભા ખાતે આવેલ સાંનિધ્ય રો-હાઉસમાં રહે છે. પોલીસે તેમની અટકાયત કરી પીધેલાનો ગુનો નોંધ્યો છે. એક જવાબદાર સરકારી કર્મચારી દ્વારા કરવામાં આવેલી આ હરકત હવે સમગ્ર પંથકમાં અને વહીવટી તંત્રમાં ચર્ચાનો વિષય બની છે.

ચાપલધરા નજીક ત્રણ બાઇક વચ્ચે અકસ્માત, બેનાં મોત

અન્ય ત્રણ ગંભીર ઇજાગ્રસ્ત થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

સોનગઢ: સોનગઢના ચાપલધરામાં સોનગઢ-ટોકરવા માર્ગ પર સોમવારે સવારે મોટરસાઇકલ વચ્ચે ત્રિપલ અકસ્માતમાં બેનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ત્રણને ઇજા પહોંચી હતી.

ફરિયાદી આશિષભાઈ પોતાની હોન્ડા યુનિકોર્ન બાઈક નં.(GJ 26 AD 4139) લઈને ગૌમુખ મંદિર તરફ નોકરીએ જઈ રહ્યા હતા. દરમિયાન બાઈક નં.(GJ 26 AA 4213) ની પાછળથી આવી રહેલી ત્રિપલ સવારી બાઈક નં.(GJ 26 AL 3104)ના ચાલકે પૂરઝડપે આવી બાઈકને ટક્કર મારી હતી. આથી ચાલકે કાબૂ ગુમાવતાં ફરિયાદીની બાઈક સાથે જોરદાર અથડામણ સર્જાઈ હતી.

અકસ્માતમાં ત્રિપલ સવારી બાઈકના ચાલકનું સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે વચ્ચે બેઠેલા એક ઇસમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અન્ય ઇજાગ્રસ્તોને સારવાર માટે સોનગઢ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં પોલીસે એક અજાણ્યા બાઇક નં.(જીજે 26 એએલ 3104)ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કીમ ઓવરબ્રિજ નીચે દબાણકર્તાઓ અને વાહન માલિકો ફરી બાખડ્યા

અનેક વખત પોલીસ અને ગ્રામ પંચાયતનો માર્ગ-મકાન વિભાગે સમય બગાડ્યો છે

કીમ: ઓલપાડના કીમ રેલ્વે ઓવરબ્રિજ નીચે અને મુખ્ય બજારમાં ગેરકાયદે લારી-ગલ્લાના દબાણોએ માઝા મૂકી છે, જેના કારણે સ્થાનિક જનતા અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગની ઘોર ઉદાસીનતાને પગલે દિનપ્રતિદિન વધતા જતાં આ અતિક્રમણને કારણે સવાર-સાંજ ટ્રાફિક જામની સમસ્યા વિકટ બની છે. તાજેતરમાં શિવરાત્રિની સાંજે કીમ બજારના મુખ્ય ચાર રસ્તા પાસે વાહન પાર્ક કરવા જેવી નજીવી બાબતે દબાણકર્તાઓ અને વાહન માલિકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વકર્યો હતો કે વિડીયો ઉતારવા બાબતે મારામારીનાં દૃશ્યો સર્જાયાં હતાં. જેના પગલે કીમ પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. બ્રિજની બંને તરફ આર.સી.સી. રોડનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જેમાં પણ આ દબાણકર્તાઓ અડચણરૂપ બની રહ્યા છે. નવાઈની વાત એ છે કે પોલીસ તંત્ર રસ્તા પર વાહન પાર્ક કરનાર સામાન્ય નાગરિકો સામે ત્વરિત કાર્યવાહી કરે છે, પરંતુ રસ્તો રોકીને બેઠેલા ગેરકાયદે દબાણકર્તાઓ સામે કોઈ નક્કર પગલાં લેવામાં આવતાં નથી. સુરત માર્ગ-મકાન વિભાગ કોઈ ઠોસ કામગીરી કરવાના બદલે ફક્ત ને ફક્ત ટાઈમ પાસ કરી લોકોનો સમયનો બગાડ કરતો હોય એમ લાગે છે. તેમજ બ્રિજ નીચે જ નહીં, પણ હવે તો ગામના મુખ્ય ચાર રસ્તા પર પણ લારીઓ ગોઠવી દેવામાં આવી છે. લારી-ગલ્લા ધારકો વાહનચાલકો સાથે જીભાજોડી કરવા ઉપરાંત વાહનોની હવા કાઢી નાખવી કે લોક તોડી નાંખવા જેવી હરકતો પણ કરે છે. સાથે જ, મુખ્ય માર્ગના કાયમી દુકાનદારો પણ પોતાનો સામાન રોડ પર મૂકીને ટ્રાફિકમાં વધારો કરી રહ્યા છે. સ્થાનિકોની માંગ છે કે કીમ બજારને આ કાયમી ટ્રાફિક અને દબાણની સમસ્યામાંથી મુક્તિ મળવી જોઈએ.

માર્ગ-મકાનની કામગીરીમાં પણ દબાણકારો અડચણરૂપ

હાલ માર્ગ મકાન દ્વારા કીમ રેલવે સ્ટેશનથી લઈ આંબેડકર સ્ટેચ્યુ સુધી બ્રિજની બંને તરફ આર.સી.સી. માર્ગ નિર્માણની કામગીરી ચાલી રહી છે. એક તરફ માર્ગ બંધ હોય તો બીજી તરફ કાર્યરત રાખવામાં આવે છે. માર્ગ-મકાનના માર્ગ નિર્માણ કાર્યમાં પણ દબાણકર્તાઓ અડચણરૂપ થઈ રહ્યા છે.

વાલેસા પાસે બંધ ટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં યુવાનનું મોત

ટ્રકની પાછળ રિફ્લેટર કે સંકેત નહીં મૂકતાં કામરેજનો નિર્દોષ યુવાન હોમાયો

હથોડા: કોસંબા પોલીસ સ્ટેશનની હદમાં આવતા નેશનલ હાઈવે પર ધામડોદથી પીપોદરા વચ્ચેનો પટ્ટો છેલ્લા ત્રણ દિવસથી વાહનચાલકો માટે અત્યંત ભયજનક સાબિત થઈ રહ્યો છે. ગઈકાલે જ પીપોદરા પાસે ડિવાઈડર પર બાઈક ચડી જતાં બે વ્યક્તિના મોતની ઘટના હજુ તાજી છે, ત્યાં આજે ફરી એક અકસ્માત સર્જાયો હતો.

કોસંબા પોલીસની હદમાં વાલેસા પાટિયાના કટ પાસે સોમવારે કોલસા ભરેલી એક ડમ્પર ટ્રક નં.(GJ-21-Y-2478) હાઈવેની વચ્ચોવચ બંધ પડી હતી. ટ્રક ચાલકે રોડની વચ્ચે જ ડમ્પર ઊભું રાખી દીધું હતું, પરંતુ પાછળથી આવતાં વાહનોને જાણ થાય તે માટે કોઈ રિફ્લેક્ટર કે ભયજનક સંકેત ન મૂકીને ભારે બેદરકારી દાખવી હતી. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી બાઈક નં.(GJ-05-TR-0463) ના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં બાઈક સીધી ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં મોટરસાઈકલ ચાલક હર્ષિલ સંજયભાઈ વિસાવડીયા (ઉં.વ.૧૮) (રહે.,પાસોદરા, કામરેજ)ને પેટના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા જ સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પાલોદ પોલીસ ચોકીના જમાદાર ઉમેશભાઈએ રોડની વચ્ચે ભયજનક હાલતમાં ટ્રક ઊભી રાખનાર ચાલક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પીએમ અર્થે ખસેડી તપાસ આદરી છે.

સેવણી પાસે કારચાલકે મોપેડને અડફેટે લેતાં એકનું મોત

કામરેજ: કામરેજના સેવણી ગામ અકસ્માતમાં ૧૮ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું. કામરેજની નર્મદાનગર સોસાયટીમાં રહેતા અને માંકણા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં જીજ્ઞાબેન પટેલ (ઉં.વ.47) રવિવારે તેમના પુત્ર આદિત્ય (ઉં.વ.18) સાથે મોપેડ પર મહુવા જઈ રહ્યાં હતાં. બપોરના સમયે ઓરણા-સેવણી રોડ પર સામેથી આવતી ટાટા ટીયાગો ઈલેક્ટ્રિક કારે તેમની મોપેડને જોરદાર ટક્કર મારતાં આદિત્યનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

જ્યારે જીજ્ઞાબેન ગંભીર રીતે ઘાયલ થતાં તેમને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયાં છે. ઉલ્લેખનીય છે કે, આદિત્યના પિતા શૈલેષભાઈનું અગાઉ કોરોનામાં અવસાન થયું હતું. હવે એકના એક પુત્રના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ મામલે પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સિવાણ ગામે આધેડે ફાંસો ખાધો

સાયણ: મૂળ સુરત શહેરના લંબે હનુમાન રોડ વિસ્તારના પાટીચાલનો વતની હરેશકુમાર બળવંતભાઈ પટેલ (ઉં.વ.૪૧) હાલ ઓલપાડના સિવાણની મહેક રેસિડન્સી-૨ સોસાયટીના મકાન નં.૩૨૩માં રહેતો હતો. હરેશકુમારે ગત રવિવારે અગમ્ય કારણસર તા.૧૫ બપોરે ૧૧:૩૦થી ૧:૪૫ કલાકે બેડરૂમમાં લોખંડની હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

ધામોદલામાં વૃક્ષોની હરાજી અંગે જાહેરનામા બાદ વિવાદ

વાલોડ: વાલોડના ધામોદલા ગામે ગોચરનાં બાવળનાં વૃક્ષોની હરાજી વિવાદમાં સપડાઈ છે. 16 ફેબ્રુઆરીએ નિર્ધારિત હરાજીમાં ભાગ લેવા આવેલાં સુરત, બીલીમોરા, બલેશ્વર, સચિન હલધરુ, અનાવલ, હાંસોટ સહિત સ્થાનિક વ્યાપારીઓની રૂ.15,000ની ડિપોઝિટ સ્વીકારવાનો સરપંચે ઈનકાર કર્યો હતો. સરપંચે 'બે દિવસ અગાઉ રકમ ભરવાની હતી' તેવું મૌખિક બહાનું બતાવતાં વેપારીઓએ આક્ષેપ કર્યો છે કે, પોતાના માનીતાઓને લાભ આપવા માટે આ ષડયંત્ર રચાયું છે.જાહેરાતમાં આવી કોઈ શરતનો ઉલ્લેખ ન હોવાથી રોષે ભરાયેલા વેપારીઓએ મામલતદાર અને કલેક્ટરને લેખિત રજૂઆત કરી કાર્યવાહીની માંગ કરી છે. વિવાદ વધતા અંતે ગ્રામ પંચાયતે 'શરતચૂક'નું કારણ આપી હરાજી મુલતવી રાખવાની નોટિસ ફટકારી બચાવનો પ્રયાસ કર્યો છે.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણઅપીલ નં.૪૧/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- સલીમબેગ મહમદબેગ મીરઝા, રહે.નાની નરોલી, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાની નરોલી ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સલીમબેગ મહમદબેગ મીરઝા, રહે. નાની નરોલી, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પોતે સલીમબેગ મહમદબેગ મીરઝાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: સલીમબેગ મહમદબેગ મીરઝા ૨. જન્મ તારીખ: ૨૫/૦૪/૧૯૭૪ ૩. જન્મનું સ્થળ: મોજે.નાની નરોલી, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે સલીમબેગ મહમદબેગ મીરઝાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

Milano MULTIPLEX
બારડોલી
O' Romeo
10:00am, 01.00pm, 03:00am, 04:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Mardaani 3
12:00pm, 07:00pm
Border 2
02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણઅપીલ નં.૪૨/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- કુવાડિયા મહમદહનિફ અબ્દુલખાલેક, રહે.તડકેશ્વર, ચૌહાણ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંડવી, તા.માંડવી, જી.સુરત, (૨)જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મુંજલાવ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૧૧૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કુવાડિયા મહમદહનિફ અબ્દુલખાલેક, રહે.તડકેશ્વર, ચૌહાણ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૧૭૦એ તેઓના પોતે કુવાડિયા મહમદહનિફ અબ્દુલખાલેકનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: કુવાડિયા મહમદહનિફ અબ્દુલખાલેક ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૫૮ ૩. જન્મનું સ્થળ: મોજે.મુંજલાવ, તા.અરેઠ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે કુવાડિયા મહમદહનિફ અબ્દુલખાલેકના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૭૩/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- હફસાબીબી તે અબ્દુલ ખાલેક કુવાડીયાની પુત્રી તથા ગુલામમોહમદ ચૌહાણની પત્ની, રહે.તડકેશ્વર, ચૌહાણ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૧૭૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મુંજલાવ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૧૧૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હફસાબીબી તે અબ્દુલ ખાલેક કુવાડીયાની પુત્રી તથા ગુલામમોહમદ ચૌહાણની પત્ની, રહે.તડકેશ્વર, ચૌહાણ ફળિયું, તા.અરેઠ, જી.સુરત- ૩૯૧૭૦એ તેઓના પોતે હફસાબીબી અબ્દુલ ખાલેક કુવાડીયાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: હફસાબીબી અબ્દુલ ખાલેક કુવાડીયા ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૬૨ ૩. જન્મનું સ્થળ: મોજે.મંજુલાવ, તા.અરેઠ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે હફસાબીબી અબ્દુલ ખાલેક કુવાડીયાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૪૪/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- ફરીદા તે યાકુબ મહમદ પાંચભાયાની દિકરી અને અહમદ સઈદ દેસાઈની પત્ની, રહે.રેલ્વે સ્ટેશન પાસે, સાયણ, સુરત-૩૯૪૧૩૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંડવી, તા.માંડવી, જી.સુરત, (૨)જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી બોધાન ગૃપ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૧૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ફરીદા તે યાકુબ મહમદ પાંચભાયાની દિકરી અને અહમદ સઈદ દેસાઈની પત્ની, રહે.રેલ્વે સ્ટેશન પાસે, સાયણ, સુરત-૩૯૪૧૩૦એ તેઓના પોતે ફરીદા યાકુબ મહમદ પાંચભાયાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ફરીદા યાકુબ મહમદ પાંચભાયા ૨. જન્મ તારીખ: ૧૦/૦૭/૧૯૫૭ ૩. જન્મનું સ્થળ: મોજે.બોધાન, તા.અરેઠ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ફરીદા યાકુબ મહમદ પાંચભાયાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

આપણી બેંક નાગરિક બેંક
THE BARDOLI NAGRIK SAHAKARI BANK LTD.

**ધી બારડોલી નાગરિક સહકારી બેંક લિ.,બારડોલીનાં સભાસદ જોગ